# અરવલ્લી જિલ્લા એઆરટીઓ કચેરી એટલે ગ્રાહકો માટે 'લટકેરામ'

## મોડાસામાં કરોડો રૂપિયાના ખર્ચે બનેલ કચેરીમાં HSRP નંબર પ્લેટ નખાવવા માટે આવતા વાહનચાલકો ને લટકવું ફરજીયાત

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિધાનસભાની ચૂંટણીના થોડાક મહિના અગાઉ જીઆઈડીસી ની બાજુમાં કરોડો રૂપિયાના ખર્ચે નવનિર્માણ કરી જીલ્લાના વાહનચાલકો અને પ્રજાજનો માટે ખુલ્લી મૂકી પ્રાથમિક અને અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવાના દાવાઓ જોરશોરથી કરવામાં આવ્યા હતા બીજી બાજુ રાજ્યસરકાર દ્વારા જુના અને નવા વાહનોમાં હાઈસિક્યુરિટી રજીસ્ટ્રેશન નંબર પ્લેટ ફરજીયાત કરતા નંબર પ્લેટ માટે આવતા વાહનચાલકો ની હાલત લટકે રામ જેવી સ્થિતિમાં ઉભા રહી કામગીરી કરવી પડતી હોવાથી વાહનચાલકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.





મોડાસા શહેરના શામળાજી બાયપાસ રોડ જિલ્લાસેવા સદન ની બાજુમાં નવીન અરવલ્લી જીલ્લા એઆરટીઓ કચેરીમાં અધિકારીઓ અને કર્મચારીઓ માટે અત્યાધુનિક સુવિધાજનક ઓફિસ અને કચેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે બીજીબાજુ વાહનચાલકોને પ્રાથિમિક સુવિધા આપવામાં પણ વામણી પુરવાર થતા વાહનચાલકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળતા જીલ્લાના પ્રજાજનો વાહનચાલકો અને પ્રજાજનો માટે પ્રાથિમિક સુવિધા પુરી પાડવા ભારે માંગ ઉઠી છે અને જિલ્લા વાહનાધિકારીના વહીવટ સામે પણ આંગળી ચીંધી રહ્યા છે.

મોડાસા એઆરટીઓ કચેરીમાં વાહનોમાં હાઈસિક્યુરિટી નંબર પ્લેટ બદલાવવા માટે આવતા અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે HSRP નંબર પ્લેટ માટેની કામગીરી માટે રાખવામાં આવેલી બારી જમીન થી ઘણે ઉંચે હોય અરજદારોએ બારી સુધી પહોંચવા ઈંટો અને માટીની થેલી ના સહારે બારી સુંધી પહોંચવું પડતું હોવાથી ઈંટો કે થેલી ગબડી પડે તો અરજદારોને ગંભીર ઈજાઓ પહોંચવાનો ભય રહેલો છે અરજદારો જીવન જોખમે સરકારના નિયમોને અનુસરવા ફરજ પડતા વાહનોની હાઈસિક્યુરિટી માટે આવતા અરજદારોની જ કોઈ સિક્યુરિટી ના હોવાથી રાજદારોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે HSRP નંબર પ્લેટ માટે આવતા રાજદારોમાટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ અથવા HSRP નંબર પ્લેટની કામગીરી કચેરીની અન્ય જગ્યાએ ખસેડવામાં આવેની માંગ ઉગ્ર બની છે મહિલાઓ અને યુવતીઓ તો HSRP નંબર પ્લેટ માટે લટકવું પડતું હોવાની સ્થિતિ દેખી પોબારા ભરી જતી હોવાનું હાજર અરજદારોએ જણાવ્યું હતું.



## PNBને ૧૧,૫૦૦ કરોડનો ગોટાળો કરનાર નીરવ મોદી મૂળ પાલનપુરનો....

પંજાબ નેશનલ બેંક સાથે ૧૧,૪૦૦ કરોડની છેતરપીંડી કરનાર પાલનપુર ના જૈન પરિવાર જન્મેલા નીરવ મોદીનું મૂળ વતન પાલનપુર છે પાલનપુરના ઢાળવાસની સાંકડી ગલીઓમાં નીરવ મોદીના દાદા મફતલાલ મોદી અહીં રહેતા હતા તેમનું જે મકાન હતું ત્યાં હાલ નવીન દુકાન બની ગઈ છે પરંતુ પહેલા જ્યારે તેવો અહીં રહેતા હતા ત્યારે હાલ જે દુકાન મોજુદ છે ત્યાંજ તેવી રીતેજ નીચે દુકાન હતી અને તેવો ઉપરના માળે પોતાના પરિવાર સાથે રહેતા હતા તેમની બાજુમાં એક પુરાણું મકાન આવેલું છે તે પણ તેમનું જ હતું તેમ સ્થાનિક રહીશો જણાવી રહ્યા છે. તેમના વિસ્તારમાં રહેનાર લોકો આજે પણ તેમને યાદ કરતા કહેછે કે નીરવ મોદીના દાદા મફતલાલ મોદી મિલનસાર સ્વભાવના હતા અને તેવો પાલનપુરમાં મહેતાજીનો વ્યવસાય કરતા હતા તો નીરવ મોદીના પિતા હીરાબજારનું કામ કરતા હતા નીરવ મોદીનો જન્મ પણ અહીં થયો હતો અને તેનું બાળપણ પાલનપુરની ઢાળવાસની ગલીઓમાં વીત્યું છે નીરવ મોદી ૭ વર્ષનો હતો ત્યારે તેમના પિતાએ ધંધાર્થે પાલનપુર છોડીને મુંબઈ ગયા હતા અને ત્યાર બાદ એન્ટવર્પ વસી ગયા હતા.

# સમગ્ર ઉત્તર ગુજરાતનું ગૌરવ લોક સાહિત્યકાર ચતુરદાન ગઢવી

ઉત્તર ગુજરાતના જાણીતા લોક સાહિત્યકાર ચતુરદાન ગઢવી, મુ. પાણવી, તા. રાધનપુર, જિ. પાટણ લોકસાહિત્ય ક્ષેત્રમાં સારી નામના ધરાવે છે. જેઓને તાજેતરમાં આપણા વર્તમાન મહામહિમ રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીજીના વરદહસ્તે તેમજ ગુજરાત રાજ્યના સાંસ્કૃતિક મંત્રી ઈશ્વરભાઈ પટેલ, ડૉ. રાજુજી પરમાર - અધ્યક્ષ સંસ્કારભારતી ગુજરાત પ્રદેશ, ઓજસ હિરાણી - પ્રાત અધ્યક્ષ સંસ્કારભારતી ગુજરાત પ્રદેશની ઉપસ્થિતિમાં તા. ૧૦-૨-૨૦૧૮ના રોજ સુરત મુકામે 'સંસ્કાર વિભુષણ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. સામાન્ય રીતે એવોર્ડમાં સૌરાષ્ટ્ર-કાઠીયાવાડ અને કચ્છના કલાકારો મોખરે હોય છે જેમાં આ વખતે ઉત્તર ગુજરાતને પણ આ ગૌરવ ચતુરદાન ગઢવીએ અપાવ્યું છે. જેઓ હાલ સાંતલપુર તાલુકાના કોલીવાડા પ્રાથમિક શાળામાં HTAT આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેથી સમગ્ર ઉત્તર ગુજરાત ગઢવી સમાજ તેમજ સાંતલપુર તાલુકા શિક્ષણ આલમ ગૌરવની લાગણી અનુભવે છે તેમજ ચેતનદાન ગઢવી તથા કોલીવાડા પ્રાથમિક શાળા પરિવાર ગામના સરપંચ ચૌધરી રમેશભાઈ કોલીવાડા ગામ અને સમગ્ર પંથક ખુબ ખુબ શુભેચ્છા પાઠવે છે. આ પ્રસંગે ચતુરદાન ગઢવીએ જણાવેલ કે મારી આ વિશિષ્ટ સિદ્ધિનો સમગ્ર શ્રેય પૂજ્ય મારા માતા પાર્વતીબા - પિતા ભાગવાનજી તેમજ પૂજ્ય મોટાભાઈ ભરતદાન બી. ગઢવી (જિલ્લા શિક્ષણ નિરીક્ષક, ગાંધીનગર)ને આપુ છુ. અને ખાસ મારા ચાહક મિત્રોના લીધે આ સ્થાન સુધી પહોંચ્યો છું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## આરએએફની ૧૦૦મી બટાલીયને સ્વચ્છ ભારત અભિયાન અતર્ગત વડોદરા ગામની કાયાપલટ કરી

અમદાવાદ, ૧૬

આરએએફની ૧૦૦મી બટાલીયનની બી કંપનીના જવાનો દ્વારા ૧૬-૨-૨૦૧૮ના રોજ ૧૦૦મી બટાલીયનનાં દ્વિતીય કમાન્ડ અધિકારી શ્રી જિતેન્દ્રકુમાર ઓઝાનાં માર્ગદર્શનમાં તથા ૧૦૦મી બટાલીયનનાં સહાયક કમાન્ડન્ટ શ્રી ઉગમા રામનાં નેતૃત્વમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ૧૦૦મી બટાલીયન દ્વારા દત્તક લેવાયેલ વડોદરા ગામના સરપંચ શ્રીમતી ઠાકુર મંજુલાબેન દશરથભાઈ તથા ગામનાં અન્ય વરિષ્ઠ નાગરિકો તેમજ અધિકારીઓની ઉપસ્થિતિમાં સામાજિક કાર્યનાં ભાગરૂપે વડોદરા ગામની સ્કુલનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને યોગનો અભ્યાસ કરાવ્યો અને સ્કૂલનાં બાળકોને યોગ તથા સાફ-સફાઈનાં મહત્વ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

# બિલ્ડરોની ખોટી દાનતથી પાલનપુરની શ્યામવિહાર સોસાયટી પાણી વિના ટળવળે છે

## લુખ્ખી દાદગીરી કરીને સ્ટ્રીટલાઇટ બંધ કરી દેતા પાલનપુર શહેરમાં પણ લોકો અંધારામાં રહેવા મજબુર

બિલ્ડરોની બોદી દાનથી પાલનપુરની શ્યામવિહાર ઉપવન સોસાયટીના રહીશો છેલ્લા ત્રણ દિવસથી પાણી વિના ટળવળી રહ્યા છે. પારપડા રોડ પર આવેલી આ સોસાયટીમાં હજી માંડ ૫૦ ટકા લોકો જ રહેવા આવ્યા છે છતાં બિલ્ડરના ફોલ્ડરીયાઓએ પોતે જ સોસાયટીનો વહીવટ હસ્તગત કરી લુખી દાદાગીરી કરીને સ્ટ્રીટલાઈટ બંધ કરી દેતા પાલનપુર જેવા શહેરની સોસાયટીમાં લોકો અંધારામાં રહેવા મજબુર બન્યા છે. ત્રણ દિવસથી પાણી, વીજળી જેવી પાયાની સુવિધા ન મળતી હોવાથી બાળકો, વૃધ્ધો અને ખાસ નોકરીયાત વર્ગને ખુબ તકલીફો પડી રહી છે.



ઉંઝાની ઈમા ઈન્ફ્રાટેક કંપની દ્વારા પારપડા રોડ પર શ્યામવિહાર સોસાયટીમાં મકાન ખરીદનાર દરેક ગ્રાહક પાસેથી મેન્ટેનન્સ પેટે રૂ.૨૦,૦૦૦/- જેટલી રકમ એડવાન્સમાં ઉઘરાવી લેવામાં આવી છે છતાં સુવિધાના નામે મીંડું છે. જયાં સુધી બિલ્ડર દ્વારા સોસાયટીની સોંપણી કરવામાં ન આવે ત્યાં સુધી તમામ જવાબદારી બિલ્ડરની હોવા છતાં બિલ્ડરોએ હાથ અધ્ધર કરી દેતાં આ સોસાયટીમાં મકાન ખરીદનારાઓમાં રોષ ફેલાયો છે.

આ સોસાયટીમાં મકાન ખરીદાનાર રહીશોએ બિલ્ડરે કરેલા વાયદા પૂરા કરવા લેખિત માંગણી કરતાં તેઓ ગિન્નાયા છે અને તેમના માણસો દ્વારા સોસાયટીમાં વીજળી, પાણી બંધ કરી દેવામાં આવ્યા છે. ૨૧ સદીમાં પણ જાણે ૧૮ મી સદીમાં જીવતા હોય તેવું વાતાવરણ સોસાયટીમાં નિર્માણ પામ્યું છે. હજી અડધો અડધ મકાનોના દસ્તાવેજો બાકી છે અથવા તો તેમના મકાનો વેચાતા ન હોવાથી બિલ્ડરો તેનો ઉભરો જેમણે મકાનો ખરીદ્યા છે તેમના ઉપર કાઢી રહ્યા છે. આ અંગે બિલ્ડરો દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નહી આવે તો તેમની સામે કાયદેસરની લીગલ કાર્યવાહી કરવા સોસાયટીએ મન બનાવી દીધુ છે. તેમ શ્યામવિહાર ઉપવન સોસાયટીના લોકોએ આક્રોશ સાથે જણાવ્યું છે.





## પાટણમાં બનેલી ઘટનાના જવાબદાર સામે સરકારે પગલાં લેવા જોઈએ : ભરતસિંહ

બનાસકાંઠા માં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ની ચૂંટણી ને લઈને રાજકીય માહોલ તેજ બની રહ્યો છે આજે જિલ્લા મથક પાલનપુર માં સરકીટ હાઉસ ખાતે પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી આવી પોહ્ચ્યા હતા કોંગ્રસ એ દાંતા મતવિસ્તાર થી સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી પ્રચાર નું આજથી આરંભ કર્યું છે અને બનાસકાંઠા જિલ્લા જુદા જુદા વિસ્તાર માં સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી ચૂંટણી પ્રચાર કરશે પાલનપુર આવેલ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ મીડિયા સાથે ની વાતચીત માં ભાજપ સામે આકાર પ્રહાર કરતા કહ્યું હતું કે રાજય માં દલિત સમાજ ને અન્યાય ના અનેક બનાવો પ્રકાશ માં આવ્યા છે પાટણ માં બનેલી ઘટના ના જવાબદાર લોકો સામે સરકાર પગલાં લેવા જોઈએ તેમણે વધુ માં જણાવ્યું હતું કે આગામી બનાસકાંઠા ની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ચૂંટણી માં કોંગ્રેસ સત્તા હાંસલ કરશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

# ડીસાના ડાવસમાં શ્રમજીવી યુવકનું શંકાસ્પદ મોત

## રાત્રે જમ્યા બાદ લટાર મારવા નીકળેલો યુવક વહેલી સવારે બાંકડા પરથી મૃત હાલતમાં મળતા ચકચાર

ડીસા, તા. ૧૬

બનાસકાંઠાના ડીસા તાલુકાના ડાવસ ગામના એક યુવકની લાશ શંકાસ્પદ હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાથી ડઘાઈ ગયેલા મૃતકના પરિવારજનોએ આ યુવકની હત્યા કરી લાશ ફેંકી દેવાઈ હોવાનો આક્ષેપ કરતા પોલીસે સમગ્ર ઘટનાની ન્યાયિક તપાસ હાથ ધરી છે.



આ ચકચારી ઘટનાની વિગતો કઈક એવી છે કે ડીસા તાલુકાના ડાવસ ગામનો કમલેશ ઈશ્વરભાઈ વડગામા નામનો ૨૦ વર્ષીય યુવક ડીસાના આર.ટી.ઓ. સર્કલ નજીક આવેલી ગેરેજમાં કામ કરતો હતો.દરમ્યાન, ગુરુવારે સાંજે નિત્યક્રમ મુજબ આ યુવક ગેરેજથી નીકળી ઘરે પહોંચ્યો હતો.જોકે ગુરુવારે રાત્રે આઠ વાગ્યે જમીને બહાર લટાર મારવા નીકળેલો કમલેશ મોડી રાત સુધી ઘરે પરત ફર્યો નહોતો.જેથી તેના પરિવારજનો ચિંતિત બની ગયા હતા.આવી સ્થિતિમાં ગતરોજ શુક્રવારે વહેલી સવારે ડાવસ ગામનો ચંદુભાઈ ઠાકોર નામનો ઈસમ નિત્યક્રમ મુજબ કામ પર જવા નીકળ્યો એ વખતે ડાવસ ગામના પાટિયા પાસે પડેલા બાંકડા ઉપર કમલેશ સૂતેલી હાલતમાં નજરે પડતા ચંદુભાઈએ તેને જગાડવાનો પ્રયાસ કર્યો હતો.જોકે કમલેશ મૃત હાલતમાં હોવાનું જાણવા મળતા ચંદુભાઈ ઠાકોરે તુરંત ગ્રામજનોને ઘટનાની જાણ કરતા ગ્રામજનોએ બનાવસ્થળે પહોંચી મૃતક કમલેશના પરિવારજનોને જાણ કરી હતી.જેથી કમલેશના પરિવારજનોએ પણ તુરંત ઘટનાસ્થળ પર દોડી જઈ આ ઘટનાની જાણ પોલીસને કરી હતી. વહેલી સવારે બાંકડા પરથી મૃત હાલતમાં મળી આવેલા કમલેશના શરીર પર ઈજાના નિશાન પણ નજરે પડતા મૃતકના પરિવારજનો ચોંકી ઉઠ્યા છે અને કોઈ અજાણ્યા શખ્સોએ કમલેશની હત્યા કર્યા બાદ તેની લાશને બાંકડા પર મૂકી દઈ બનાવને કુદરતી મોતમાં ખપાવવાની કોશિશ કરી હોવાના આક્ષેપો કરી રહ્યા છે.

ડીસા શહેરને અડીને જ આવેલા ડાવસ ગામમાં બનેલી આ ઘટનાને પગલે ગામમાં ખળભળાટ મચી ગયો છે. પ્રાથમિક દ્રષ્ટીએ આ બનાવમાં મૃતકની હત્યા કરાઈ હોય તેવું જણાઈ રહ્યું હોઈ ગામના સરપંચ દ્વારા પણ આ ઘટનાની ન્યાયિક તપાસ કરવા પોલીસ સમક્ષ રજૂઆત કરાઈ છે.

બીજીબાજુ ડાવસ ગામના આશાસ્પદ યુવકના શંકાસ્પદ મોતની આ ઘટના બાદ પોલીસ પણ હરકતમાં આવી ગઈ છે.આ ચકચારી ઘટનાની ન્યાયિક તપાસ માટે ખુદ જીલ્લા પોલીસ અધિક્ષકે પણ ડીસા દોડી આવી આ ઘટનાની ઊંડી તપાસ શરુ કરાવી હતી.

### અંબાજી નજીક જેતવાસ ગામે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ

# સ્કુલમાં વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા, ભારે ચકચાર

અંબાજી નજીક ૪ કિલોમીટર આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ હોસ્ટેલ બીલ્ડીંગ માં રૂમ નંબર ૧૮ માં રહેતો એક વિદ્યાર્થી ગળે ફાંસો ખાઈ પોતાની જીવન લીલા સંકેલી લેવાની ઘટનાએ સમગ્ર પંથક માં ભારે અરેરાટી વ્યાપી છે. આ વિદ્યાર્થી સાંજ નાં સમય નાસ્તો કર્યા બાદ પોતાની રૂમ નંબર-૧૮ માં જઈ સુઈ ગયેલ ને મોડી રાત સુધી તેનો દરવાજો ન ખુલતા સ્કુલ નાં પ્રિન્સીપાલે રૂમ ની પાછળ ની બાજુ થી એક વિદ્યાર્થી ને આ રૂમ નંબર-૧૮ માં મોકલતાં આ સમગ્ર કિસ્સો પ્રકાસ માં આવ્યો હતો. ને ગમાર અજય ઉંમર વર્ષ-૧૪ નો વિદ્યાર્થી પંખે દોરી વડે લટકી ગળે ફાંસો ખાઈ આત્મ હત્યા કરી લેવાની ઘટના પ્રકાશ માં આવતાં આચાર્ય જયેશ ગૌસ્વામી એ આ બાબત ને અંબાજી પોલીસ ને તથા તેનાં વાલી વારસો ને જાણ કરી હતી.



આ ઘટના ની જાણ પોલીસ ને તથા પોલીસ મરનાર યુવક નાં વાલી વારસો ને લઈ આ સ્કુલ માં પહોંચ્યા હતા. ને જયાં જેનાં પરીજનો તેની લટકતી લાશ ને જોતા ભારે આકરુંધ ભર્યો માહોલ જોવા મળ્યો હતો. ને તેનાં પિતા રામાભાઈ ભાંગી પડ્યાં હતા. જોકે આ વિદ્યાર્થી ની મોંત ને લઈ તેનાં પિતા રામાભાઈ ગમાર ને કોઈ જ જાત ની શંકા કુ શંકા ન હોઈ મૃર્તદેહ ને પોસ્ટમાર્ટમ કર્યા વગર જ લઈ જવાની જીદ પકડતાં પોલીસે તેનો લખાણ મેળવી મૃર્તદેહ ને સુપરત કર્યો હતો.



## આચારસંહિતાના અમલ પૂર્વે કોંગ્રેસ દ્વારા સભા અને રોડ શો યોજાયો

આગામી શનિવારે યોજાનાર થરાદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓના જાહેર પ્રચાર માટે ગુરુવારની સાંજથી આચારસંહિતા અમલી બનતાં પડઘમ શાંત બન્યા હતો.તે પુર્વે થરાદ નગરના કોંગ્રેસ ઉમેદવારોના સમર્થનમાં જાહેરસભા અને રોડ શો નું પણ આયોજન કરીને મતદારોને છેલ્લી ઘડીસુધી આકર્ષવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.કોંગ્રેસના ઉમેદવારોને વિજયી બનાવવા વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને પ્રચારમાં ઉતારી ઠાકોર સમાજને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.જેમાં પાલિકાના પુર્વ પ્રમુખ પથુભાઈ રાજપુત,કોંગ્રેસના ઉમેદવાર ડીડી રાજપુત પણ જોડાયા હતા.

# સનાસરામાં સગાભાઈ પર પિતા-પુત્રનો હુમલો

થરાદ તાલુકાના સનાસરા ગામના હકાભાઈ મશરૂજી ઠાકોર સવારના છએક વાગ્યાના સુમારે પોતાના ખેતરમાં બનાવેલ બોર ચાલુ કરવા માટે ચાલુ કરવા માટે ગયા હતા.આ વખતે તેમના ભાઈ ભાઈ ઈશાભાઈ ઠાકોરે તેમના બોરના કોલમ તથા વાયર કાપી નાખ્યા હતા. આથી આ બાબતે કહેવા ઈશાભાઈ તથા તેમનો પુત્ર શ્રવણ ઉશ્કેરાઈ ગયા હતા અને અપશબ્દો બોલી લાકડી તથા ધોકા વડે હુમલો કર્યો હતો. આથી હકાભાઈને માથામાં લોહી નીકળતા ખાનગી વાહનો શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.આ બનાવી પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે મોટાભાઈ ફરિયાદના આધારે નાનાભાઈ તથા તેના પુત્ર સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.